સ્થિરતા + વિકાસ + સંતુલન = વિજયપથ : ડ્રાફ્ટ બજેટ

૩૪૫ કરોડના ડ્રાફ્ટ બજેટમાં ૩૪ કરોડની પુરાંત : કેપીટલ ખર્ચમાં ૭ ટકાનો ઘટાડો : રેવન્યુ ગ્રાન્ટની આવક ૧૨ ટકા પણ ખર્ચ ૧ ટકો : નવા સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં ૮૦ કરોડના કામો સૂચવાયા

ગાંધીનગર, તા. ૨૨

સ્થિરતા + વિકાસ + સંતુલન = વિજયરથની ગિરાથી રજુ કરતું ચૂંટણીલક્ષી ડ્રાફ્ટ બજેટ આજે ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ સમક્ષ મ્યુનિ. કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી ચારણે રજુ કર્યુ હતુ.

ગાંધીનગર મહાનગરપાલિકાના દસમા ડ્રાફ્ટ બજેટમાં નવા કરવેરા લાદવાથી દૂર રહેવા ઉપરાંત નવા સમાવાયેલા વિસ્તારોમાં રૂ. ૮૦ કરોડના ખર્ચે વિકાસકામો સૂચવવામાં આવ્યા છે.

ગાંધીનગર મહાનગરપાલિકા આ ડ્રાફ્ટ બજેટમાં કેપિટલ ખર્ચમાં ૭ ટકાનો જંગી ઘટાડો કરી તેમણે અર્થતંત્રને સ્થિરતા આપવાનો પ્રયાસ કર્યો છે. મહેકમ ખર્ચમાં ૨ ટકાનો વધારો સૂચવ્યો છે. તો રેવન્યુ ગ્રાન્ટની આવક ૧૨ ટકા જેટલી દર્શાવી તેમાંથી માત્ર ૧ ટકાનો ખર્ચ સૂચવી કરકસરના આકરા પગલાંનો પણ સંકેત આપ્યો છે.

ડ્રાફ્ટ બજેટ બાદ પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે પોતાનું બજેટ કેવુ કહો છો તે પ્રશ્નનો ઉત્તર જરૂર ટાળ્યો હતો એટલુ જ નહી કોરોનાને કારણે કેટલા વિકાસના કામો વિલંબમાં પડ્યા અને કેટલા ના થઈ શક્યા તે અંગે પણ મૌન રહેવાનું પસંદ કર્યુ હતુ.

૨૦૨૧-૨૨ના આ ડ્રાફ્ટ બજેટમાં જે સુવિધાઓ છે તેના સઘનીકરણનો સંકેત પણ તેમણે આપ્યો છે.

ગાંધીનગર શહેરની હદ વધતાં સફાઈ ખર્ચ વધીને ૧૧ ટકા આવકના પ્રમાણમાં થશે તેમ સૂચવ્યુ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના ડ્રાફ્ટ બજેટમાં કોઈપણ પ્રકારનો કરબોજ લાદવાનો ટાળી કમિશનરે વહીવટીય મુત્સદ્દીગીરીનો પરિચય આપ્યો હોવાનું કહેવાય છે. જો કે તેમણે વિકાસના કામો જેની પાછળ ૩૯ કરોડથી વધુનો ખર્ચ થવાનો છે તે સરકારની મંજૂરી માટે મોકલ્યા હોવાનો નિર્દેશ પણ આપ્યો છે.

ડ્રાફ્ટ બજેટમાં ૩૫ કરોડની પુરાંત દર્શાવવામાં આવી છે. બજેટના કદમાં પણ વિસ્તાર વધ્યા પછી જે વધારો થવો જોઈએ તે નહિ કરી સત્તાધારી પક્ષના આંતરકલહથી તેઓ નારાજ હોય તેવો સંકેત આપ્યો છે.

રેવન્યુ ગ્રાન્ટની આવક તેમજ કેપીટલ આવકમાં તેમણે ૩ ટકાની જ આવક વધશે તેવા અંદાજો સેવ્યા છે.

નવા ઉમેરાયેલા વિસ્તારોમાંથી વેરાની આવક ૬ કરોડ જેટલી જ હોવાનો એકરાર કરી કહ્યુ હતુ કે મિલ્કતોના સર્વે અને આકારણીની કામગીરી પુરી થયા બાદ આવક વૃદ્ધિ થઈ શકશે.

● અનુસંધાન પાન-૭ પર

નવા રોડ-રસ્તા, સ્ટ્રીટલાઈટ તથા પુલના બાંધકામ માટેની જોગવાઈઓ

- ગાંધીનગર મનપાના ડ્રાફ્ટ બજેટમાં નવા સમાવિષ્ટ વિસ્તારોમાં આસ્ફાલ્ટ અને સી.સી. રોડની કામગીરી અર્થે રૂ. ૨૦૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.
- ગાંધીનગર મનપામાં સમાવેશ થયેલ ઔડા વિસ્તારની નગરરચનાઓમાં રસ્તા બનાવવાની કામગીરી માટે રૂ. ૪૦૦ લાખ
- ઝુંડાલ, સુઘડ, ભાટ, કોટેશ્વર, કોબા, નભોઈ, અંબાપુર, વાસણા હડમતિયા, સરગાસણ, રાંધેજા, પેથાપુરમાં સી.સી. રોડ તેમજ સ્ટ્રીટલાઈટની કામગીરી માટે રૂ. ૯૦૦ લાખની જોગવાઈ.
- સાબરમતી નદી ઉપર બાસણ ગામને "જ" રોડ સાથે જોડતા ડુબાવ પુલના બાંદકામ માટે રૂ. ૫૦૦ લાખની જોગવાઈ.
- ક-૦ થી રાંધેજા ચોકડી સુધી નવી સ્ટ્રીટલાઈટ નાખવાની કામગીરી અંગે રૂ. ૨૦૦ લાખની જોગવાઈ.
- શહેરના મુખ્ય રસ્તાઓની સેન્ટ્રલ વર્જ ઉપર ટ્રાફિક સલામતિ ધ્યાને લઈ ઓર્નામેન્ટલ ગ્રીલ લગાવવાની કામગીરી માટે રૂ. ૩૦૦ લાખની જોગવાઈ.
- કોબા-ઈન્દિરા બ્રીજના રસ્તેથી કોટેશ્વર ગામ જતા રસ્તાની સેન્ટ્રલ વર્જ, ટ્રાફિક આઈલેન્ડ અને જોમેટ્રી સુધારણાના કામ માટે રૂ. ૧૦૦ લાખની જોગવાઈ.

સફાઈ માટે ૩૬૨૭ લાખ અને મિલ્કતોની જાળવણી નિભાવણી માટે ૭૫૦ લાખની જોગવાઈ

ગાંધીનગર, તા. ૨૨

નવા કોઈપણ કરભારણ વિનાના આજે રજુ થયેલા વર્ષ ૨૦૨૧-૨૨ ના ગાંધીનગર મનપાના ડ્રાફ્ટ બજેટમાં ૩૪ કરોડથી વધુની પુરાંત દર્શાવવામાં આવી છે.

મનપાને સોંપાયેલ એક માત્ર સેવા સફાઈની કામગીરી માટે સને ૨૧-૨૨ માં કુલ ૩૬૨૭ લાખની જોગવાઈ કરવામાં આવી છે. શહેરના આંતરિક તેમજ મુખ્ય માર્ગોની સફાઈ ખર્ચ માટે રૂ. ૧૧૨૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

નવા સમાવિષ્ટ વિસ્તારમાં આંતરિક તેમજ મુખ્ય માર્ગોની સફાઈ માટે રૂ. ૯૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

સમગ્ર મનપા વિસ્તારમાં જાહેર શૌચાલય નિભાવણી અંતર્ગત રૂ. ૪૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ડોર ટુ ડોર ઘન કચરાના નિકાલની કામગીરી અંતર્ગત રૂ. ૧૧૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે જેમાંથી ૫૦૦ લાખની જોગવાઈ નવા સમાવિષ્ટ વિસ્તાર માટે કરવામાં આવી છે.

મહાનગરપાલિકા હસ્તકની મિલ્કતોની મરામત જેવી કે સુએજ, પમ્પિંગ સ્ટેશન, ઈ.એલ.આર. વૉટર પમ્પિંગ સ્ટેશન, ગાર્ડન સર્કલ, વૉટર સપ્લાય, પાઈપલાઈન, આંગણવાડી, સ્કૂલો, જાહેર શૌચાલયો તેમજ સી.સી. રોડ વગેરેની મરામત નિભાવણી તેમજ જાળવણી માટે રૂ. ૫૦૦ લાખ, મનપા હસ્તકના બગીચાઓની નિભાવણી માટે રૂ. ૧૦૦ લાખ તેમજ મનપા વિસ્તારમાં વિદ્યુત મરામતની કામગીરી અર્થે રૂ. ૧૫૦ લાખ મળી આમ મિલ્કતોની મરામત તથા જાળવણી માટે રૂ. ૭૫૦ લાખની જોગવાઈ ડ્રાફ્ટ બજેટમાં કરવામાં આવી છે.

પાણી તથા ગટર વ્યવસ્થાના કામો

- ખોરજ, અમિયાપુર, પોર, કોલવડા, વાવોલ ગામમાં નવી ડ્રેનેજ લાઈન, સુએજ પંમ્પીંગ સ્ટેશન, એસ.ટી.પી. વગેરેના બાંધકામ અર્થે રૂ. ૫૦૦ લાખની જોગવાઈ.
- ગાંધીનગર મનપામાં સમાવિષ્ટ નવા વિસ્તારોમાં પાણીની નવી લાઈન ડી.ઈ. નાખવાનું કામ તેમજ વોટર વર્કસ, રો વોટર પમ્પ, હાઉસ કલિયર વૉટર પમ્પ હાઉસ વિગેરેના બાંધકામ માટે રૂ. ૫૦૦ લાખની જોગવાઈ.

જાહેર વિકાસને લગતા બાંધકામની બાબતો

- કુડાસણમાં ટાઉનહોલ બનાવવા માટે રૂ. ૫૦૦ લાખ તેમજ સિનીયર સિટીઝન પાર્ક અને લાયબ્રેરી બનાવવા માટે રૂ. ૧૫૦ લાખની જોગવાઈ.
- વાવોલ મુકામે તળાવ ડેવલપમેન્ટની કામગીરી માટે રૂ. ૪૦૦ લાખ તેમજ જાહેર ઉદ્યાનના નિર્માણ કામ અર્થે રૂ. ૨૦૦ લાખની જોગવાઈ.
- કોલવડા, વાવોલમાં કોમ્યુનીટી હોલ, લાયબ્રેરી તથા અદ્યતન સુવિધાવાળુ સ્મશાન ગૃહ બનાવવા માટે રૂ. ૩૦૦ લાખની જોગવાઈ.
- કોટેશ્વર ગામે કોમ્યુનીટી હોલના બાંધકામ માટે રૂ. ૧૦૦ લાખ, નવા વિસ્તારોમાં ફાયર ચોકી બનાવવા માટે રૂ. ૧૦૦ લાખની જોગવાઈ.
- નવા વિસ્તારોમાં વિવિધ સ્થળે જાહેર શૌચાલયો બાંધવા માટે રૂ. ૧૦૦ લાખની જોગવાઈ.

મનપાનું સર્વ સમાવેશક ડ્રાફ્ટ બજેટ આવકારદાયક : રીટાબેન

નવા સમાવાયેલા વિસ્તાર સહિત મહાનગર પાલિકા વિસ્તાર માટે માળખાકીય સુવિધાના આયોજન બજેટમાં કરાયા છે : રીટાબેન પટેલ

ગાંધીનગરઃ

મ્યુનિસિપલ કમિશનરશ્રી રતનકંવર ચારણગઢવી દ્વારા સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરવામાં આવેલા વર્ષ ૨૦૨૧-૨૨ના ડ્રાફ્ટ બજેટને મેયરશ્રી રીટાબેન પટેલ દ્વારા સર્વ સમાવેશક કહેવામાં આવ્યુ હતું. મેયરશ્રીએ જણાવ્યું કે સરકારે મહાનગર પાલિકાનું હદ વિસ્તરણ કર્યાના પગલે શહેર વિસ્તારમાં ભળેલા ૧૮ ગામ, પેથાપુર શહેર અને ૭ ટીપી વિસ્તાર સહિત સમગ્ર મહાનગર પાલિકા વિસ્તારમાં ગાંધીનગર શહેરના જેવી તમામ માળખાકીય સુવિધાઓના આયોજનો કમિશનરશ્રી દ્વારા બજેટમાં સમાવવામાં આવ્યા છે. મેયરશ્રી રીટાબેન પટેલે આમ કહેતાં ઉમેર્યુ કે આટલા વર્ષો સુધી ગ્રામ્ય વિસ્તારને માળખાકીય સુવિધાઓના મુદ્દે જે સમસ્યાઓ વેઠવી પડી છે, તે તમામનો ઉકેલ બજેટમાં કમિશનરશ્રી દ્વારા અપાયો છે અને સેક્ટરો સહિત સમગ્ર મહાપાલિકા વિસ્તાર માટે લોક કલ્યાણ, માળખાકીય સુવિધા અને વિકાસના કામને ન્યાયીક અને જરૂરતના હિશાબે સમાવવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે મહાનગર પાલિકા દ્વારા નવા ભળેલા વિસ્તારમાં કોઈ નવો ટેક્સ લાગુ કરવામાં આવ્યો નથી, પરંતુ ગ્રામ પંચાયત દ્વારા જે વેરા વસૂલવામાં આવતા હતાં, તે પદ્ધતિ જ હાલમાં યથાવત છે.

ગામડાઓમાં મહાનગર પાલિકા દ્વારા હાલમાં કોઇ પ્રકારે નવો ટેક્સ લાગુ કરવામાં આવ્યો નથીઃ ગ્રામ પંચાયતની વેરા પદ્ધતિ જ હાલ અમલમાં છેઃ મેયરશ્રી

મેયરશ્રી રીટાબેન પટેલે જણાવ્યું કે નવા વિસ્તારો માટે સ્વાભાવિક રીતે જ રસ્તા, સફાઈ, ઘન કચરાના નિકાલ, ગટર લાઈન, નર્મદાના પાણી, સ્ટ્રીટલાઈટ સહિત આયોજન કરવામાં આવ્યા છે, કેમ કે આ પૈકીના ઘણા વિસ્તારોમાં આવી સુવિધા ગાંધીનગર શહેર જેવી નથી. તેથી પરુતા પ્રમાણમાં રકમ ફાળવવામાં આવી છે. આ ઉપરાંત કોમ્યુનિટી હોલ, લાઈબ્રેરી, ફાયર ચોકી, જાહેર શૌચાલય, ટ્રાફિક આઈલેન્ડ સહિતના જાહેર સુવિધાની યોજનાઓ આપવામાં આવી છે. સેક્ટર વિસ્તારમાં ટ્રાફિકના વધેલા ભારણને લઈને રસ્તા પહોળા કરવા, નવા બાગ બગીચા અને હયાતના નવીનીકરણ, સેક્ટરોના એપ્રોચ રોડ ફોરલેન કરવા, શાળાઓના નવીનીકરણ, ગરીબ આવાસ યોજના, ૨૪ કલાક પાણીની યોજના, આગામી દાયકાઓની સ્થિતિ નજર સામે રાખીને નવી ગટર વ્યવસ્થા સહિતના આયોજન બજેટમાં સમાવવામાં આવ્યા છે.

બજેટ નિરાશાજનક તેમજ ગ્રામ્ય વિસ્તારને અન્યાયકર્તા : શૈલેન્દ્રસિંહ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મનપાનું બજેટ નિરાશાજનક તેમજ નવા ઉમેરાયેલા વિસ્તાર માટે અન્યાયકર્તા હોવાનું વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ જણાવ્યુ છે.

કોઈપણ પ્રકારના વિકાસ કામો કર્યા વગર શરૂઆતથી જ નવા સમાવાયેલા વિસ્તારમાંથી પ્રોપર્ટી ટેક્ષ, પ્રોફેશનલ ટેક્ષ, વાહનવેરાની કમાણી શરૂ કરી તૈયાર ભાણે જમતી મનપા દ્વારા નવા વિસ્તારોને વિકાસમાં અન્યાય કરવામાં આવ્યો હોવાનું જણાવી તેમણે શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોને અન્યાય કરવાની નીતિ આ ડ્રાફ્ટ બજેટમાં દોહરાવવામાં આવી છે.

બિહોલાએ ડ્રાફ્ટ બજેટ પર પ્રત્યાઘાત આપતાં વધુમાં જણાવ્યુ છે કે અગાઉ મનપામાં જેટલો વિસ્તાર હતો તેના કરતા બમણો વિસ્તાર સમાવવામાં આવ્યો છે. ગત વર્ષના બજેટમાં અંદાજીત ૨૯૧ કરોડની ફાળવણી કરવામાં આવી હતી, આગામી બજેટમાં મનપાના વિસ્તારમાં વધારો કર્યો હોવા છતાં પણ આંશિક વધારો કરી ફક્ત ૩૪૫ કરોડની અંદાજીત ફાળવણી કરવામાં આવી છે. જે નવા સમાયેલા વિસ્તારને અન્યાયી જણાઈ રહ્યું છે. મનપામાં શહેર વિસ્તારમાં સ્માર્ટસીટી અંતર્ગત વિકાસ થઈ રહ્યો છે, પરંતુ અઢાર ગામડાઓમાં મનપાએ શરૂઆતથી વિકાસ કરવાનો છે, તો શું આ હાસ્ય ઉપસી આવતું બજેટ ખરેખર યોગ્ય છે ? ખરેખર મનપા દ્વારા નવા ઉમેરાયેલા વિસ્તારમાં દરેક ગામડા દીઠ રૂ. ૧૦-૧૦ કરોડની અલગથી અલાયદી ફાળવણી કરવી જોઈએ.

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે પ્રારંભિક તબક્કામાં ૩૦ ઈલેક્ટ્રિક બસો દોડાવાશે

આ બસમાં ૨૦ મુસાફરો મુસાફરી કરી શકશે

ગાંધીનગર,તા. ૨૨

ગાંધીનગરથી અમદાવાદ વચ્ચે રોજના ઘણા લોકો અપડાઉન કરી રહ્યાં છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા હવે અમદાવાદ-ગાંધીનગર વચ્ચે ઈલેક્ટ્રીકબ સ દોડાવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેને લઈને રોજ મુસાફરી કરતા લોકોને ઘણી રાહત મળશે

ગાંધીનગરથી અમદાવાદ વચ્ચે ઈલેક્ટ્રીક બસ દોડાવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેને રાજ્ય સરકારે મંજૂરી આપી છે. હાલ ટ્રાયલ બેઝ પર ઈલેક્ટ્રીક બસ સેવા શરુ કરવામાં આવશે.

કોરોનાકાળ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગર-અમદાવાદમાં પ્રદૂષણ અટકાવવા આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ બસમાં ૨૦ જેટલા મુસાફર મુસાફરી કરી શકશે. રાજ્ય સરકારે એપ્રિલ ૨૦૨૧માં ઈલેક્ટ્રીક બસ સેવા શરુ કરાશે, શરુઆતમાં ૩૦ જેટલી ઈલેક્ટ્રીક બસ દોડશે.

રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગર અને અમદાવાદમાં પ્રદૂષણને ઘટાડવા માટે ઈલેક્ટ્રિક બસો દોડાવામાં આવશે. પ્રાપ્ત મળતી વિગત અનુસાર જોકે પ્રથમ તબક્કે ૧ બસની ટ્રાયલ કર્યા બાદ તેને મંજૂરી આપ્યા પછી જ એસ ટી નિગમ દ્વારા ગાંધીનગર-અમદાવાદ વચ્ચે ૩૦ ઈલેક્ટ્રિક બસો દોડાવાશે. એસી, અવાજ નહીં કરે તેવી તેમજ ઓછા સીટીંગ વાળી અને પ્રદૂષણ મુક્ત બસ હોવાનું એસ ટી નિગમના આધારભૂત સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં કોરોનાના વધુ ૧૧ કેસ : ૭ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ અપાયું

સોનીપુરમાં ૩ વર્ષના બાળક સહિત ૪ કેસ ગાંધીનગરમાં, કલોલમાં બે કેસ : સે. ૨૮ માં ૨ કેસ ઉપરાંત સે. ૨, ૬ અને ૨૬ માંથી કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના કેસો ૧૧ મળી આવ્યા છે. જેમાં ૬ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી તો પાંચ કેસ ગાંધીનગર શહેરમાંથી મળી આવ્યા છે.

જિલ્લાના આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪ કેસ ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી મળ્યા છે તો કલોલમાં પુનઃ કોરોનાએ દેખા દીધી છે ત્યાંથી બે કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના ઉવારસદ ગામેથી બે કેસ મળવા ઉપરાંત સોનીપુર અને પેથાપુરમાંથી કેસો મળી આવેલ છે. સોનીપુરમાં ૩ વર્ષના બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના કલોલ તાલુકામાં કોરોનાના કેસોએ પુનઃ દેખા દીધી હોય તેમ બોરીસણા અને અર્બન-૨ વિસ્તારમાંથી આજે કેસો મળી આવતાં તંત્ર સતર્ક બન્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૨૬૫૮ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૫ કેસ નોંધાયા છે. કેસોની સંખ્યા ઘટતાં તંત્રએ રાહતનો દમ લીધો છે.

શહેરમાં આજે નોંધાયેલા પાંચ કેસમાં ૪ મહિલા દર્દીઓ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૨૬૫૮ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે

શહેરમાં આજે નોંધાયેલા પાંચ કેસમાં બે શિક્ષિકા, એક સોફ્ટવેર એન્જીનીયર અને એક વેપારીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૨૮ માંથી બે કેસ ઉપરાંત સે. ૬, ૨૬ અને ૨ માંથી કેસો મળી આવેલ છે. શહેરમાં રિકવરી રેટ ૯૮ ટકા હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com